मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ચૈત્ર


પુસ્તક ૯૧ મું

અંક ૬ ઠો

૭ મી મે

૧૯૭૫

પ્રભુ મહાવીરનો શાંતિ સંદેશ



વીર પ્રભુને વંદન કરતા, ધન્ય જીવન મુજ થાતું
ને હૈયુ હરનીશ વીર તમારા ગીતડા મીઠા ગાતું

સર્વથા સહુ સુખી થાઓ
સમતા સહુ સમાચારો.
સર્વત્ર દિવ્યતા વ્યાપો
શાંતિ સર્વત્ર વિસ્તરો.

ચૈત્ર

વીર સંવત

૨૫૦૧

વિ. સંવત

૨૦૩૧

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनुक्रमणिका


| ક્રમ | લેખ | લેખક | પા નં. |
|---|---|---|---|
| ૧. | પ્રભુ મહાવીર સ્વામીનો સંદેશ | .... | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્ણી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી | ૭ |
| ૫. | માઝા મૂકેલો પાપી | ....લે. આચાર્ય અશોકચંદ્ર સૂ. મ. | ૮ |
| ૬. | 'જિન' અને 'શિવ'ની એકતા | ....લે પ્રો હીરાલાલ ર. કાપડીયા | ૯ |
| ૭. | કવિ ચક્રવર્તિ શ્રી જયશેખરસૂરિજી ફાગુ | ....સં૦ મુનિ૦શ્રી કલાપ્રભસાગરજી મ | ૧૦ |
| ૮. | ગુરૂ પટ્ટાવલી ચૌપાઈ સંબંધી સપષ્ટીકરણ | .. લે. શ્રી અગર ચંદનાહટા | ૧૨ |
| ૯. | જૈનોના પર્વો અને ટુંકો ઇતિહાસ | ....સ્વ. વકીલ ડાયાભાઇ મોતીચંદભાઈ | ૧૩ |
| ૧૦. | ઇંટ અને ઇમારત | ....અમરચંદ માવજી શાહ | ૧૪ |
| ૧૧. | વિશ્વ માન્ય ધર્મ | ....શાહ ચતુર્ભુજ હરજીવન | ૧૫ |
| ૧૨. | બા બાપને ભૂલશો નહી | .... | ૧૬ |



# શ્રી પાર્શ્વનાથ ચરીત્ર

( ગુજરાતી ભાષાંતર )

પ્રત આકારે

→ કીંમત રૂા. ૬-૦૦ ←

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

કાંટાવાળો ડેલો, **ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૨ મું | ચૈત્ર | વીર સં. ૨૫૦૧
અંક ૬ મો | | વિક્રમ સં. ૨૦૩૧

# પ્રભુ મહાવીર સ્વામીનો

(સંદેશ)

મહાવીર તો સિદ્ધિ વર્યાં સંદેશ એ દેતા ગયા. ૧
અહિંસક બની કરણી કરો એ વારસો દેતા ગયા. ૨
દયા ધર્મનું મૂલ છે વિતરાગ એ કેતા ગયા. ૩
વિસ્તાર કરવા ગણધર ગુરૂને ત્રીપદી દેતા ગયા. ૪
ચંડકોશી ક્રોધીનું બંધન વિભુ છેદી ગયા. ૫
ચંદન બાળાના બાકુળ વ્હોરી કાજ સુધારી ગયા. ૬
શ્રી સિદ્ધચક્ર સિદ્ધિદાયક યંત્ર એ દેતા ગયા. ૭
નવકાર જપશો ભવથી તરશો યાદિ એ દેતા ગયા. ૮
નિર્વાણ કાળે બન્યું બને એ શકેન્દ્રને કેતા ગયા. ૯
ફરમાન પ્રભુના સુમન હૃદયે રાખજો એ કહી ગયા. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ )

લેખક : શરણાથી

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય સદૈવાકોટિંન નયન



વિધની સ્થીતિ સુધારવામાં મહાન સૂત્રધાર એવા ઋષભે વર્ણ વ્યવસ્થા પણ કરી ઉગ્ર, ભોગ, રાજ્ય અને ક્ષત્રિય એવા ચાર કુલોથી લોક રચના કરી દંડના અધિકારી આરક્ષક તે ઉગ્ર કુલવાળા થયા મંત્રી વીગેરે ભોગકુલવાળા થયા. સમાન વયવાળા મિત્ર વગેરે રાજન્ય કુલવાળા કહેવાયા. અને શેષ રહેલા સર્વે ક્ષત્રીઓ કહેવાયા એવી રીતે વ્યવહારનીતિને પ્રવર્તાવીને વિશ્વના બંધારણની અપૂર્વ રચના કરી.

જાણે ભારતક્ષેત્ર વિદેહજ ન હોય, તેમ અલ્પ સમયમાં જ થઈ પડયું નગરો, ગ્રામો, દેશો, વસાળ સર્વ રૂઢી પ્રવર્તાવી, ભરતક્ષેત્ર આબાદ કર્યું યુગલીકો પણ અલ્પકારના વ્યવહારમાં નિપુણ બનીને ડાહ્ય મનુષ્યો તરીકે ઓળખાવા લાગ્યા સારા ખોટાનો ભેદ સમજવા લાગ્યા. કોઈ રાજાની આજ્ઞાનું ઉલ્લઘન કરતુ નહિ. સર્વે લોક સુખી સંતોષી ને અલ્પ મમત્વ વાળા હોવાથી અનીતિનો પ્રચાર મુદ્દલ ન હતો. એવી રીતે રાજ્ય સૂત્ર ચલાવતા.

રૂષ ભગ્યને ત્રેસઠ લક્ષ વર્ષ પૂરા થયા. સર્વ રાજ્યનીતિ અને વ્યવહાર નીતિ પુરે પૂરી પ્રવતાવ્યા બાદ ધર્મ નીતિ ફક્ત શેષ રહી હતી તે. તીર્થંકર થઇને શરૂ કરવાની હતી. તે પછી શુભ અવસરે પોતાની દીક્ષાનો સમય નજીક જાણીને નમિ-વિનમિને સર્વે પુત્રો કરતા અધીક મોટો લાભ ધરણરાજથી થવાનો છે અને તેમના થકી વિદ્યાધર વંશની ઉત્પતી થવાની છે એમ ધારી તેમને દૂર દેશ મોકલ્યા અને પાછળ સર્વે પુત્રોને જુદા જુદા દેશો આપીને રાજપાટ વહેંચી આપ્યુ.

ઈંદ્રાકૃત મહોત્સવ વડે રૂષભનાથે કચ્છ મહાકચ્છે આદિવાર હજાર રાજાઓની સાથે દીક્ષા ગ્રહણ કરી.




(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



લક્ષણોથી યુકત ગણાય અને મધુપિંગ રાજલક્ષણ રહિત ઠરે. તે પુસ્તક તેણે પુરાણની જેમ પેટીમાં મૂકયું. પછી એક વખતે રાજાની આજ્ઞાથી તે પુરોહિતે રાજસભામાં તે પ્રગટ કર્યું" તે વખતે પ્રથમ સગરરાજાએ કહ્યું કે–"આ પુસ્તક વંચાતા તેમાં બતાવેલા રાજલક્ષણોથી જે રહિત જણાય તે સર્વને વધ કરવા યોગ્ય અને ત્યાજય છે.' પછી જેમ જેમ પુરોહિતે તે પુસ્તક વાંચવા માંડયું તેમ તેમ તેમાં બતાવેલાં લક્ષણ પોતાનામાં નહિ હોવાથી મધુપિંગ અત્યંત લજ્જા પામવા લાગ્યો. છેવટે મધુપિંગ ત્યાંથી ઉઠી ગયો અને સુલસા સગરરાજાને વરી. તત્કાળ તેમનો વિવાહ થયો અને પછી સર્વે પોતપોતાને સ્થાનકે ગયા.

મધુપિંગ અપમાન થવાથી બાળતપ કરીને મૃત્યુ પામ્યો અને સાઠ હજાર અસુરોનો સ્વામી મહાકાળ નામે અસુર થયો. તેણે અવધિજ્ઞાનવડે સ્વયંવરમાં પોતાનું અપમાન થવાના કારણભૂત સગરરાજાએ કૃત્રિમ બનાવેલું સર્વ ચરિત્ર જાણ્યું; તેથી તેણે વિચાર કર્યો કે–સગરરાજાને અને બીજા રાજાઓને મારી નાખું.' પછી તે અસુર તેમનું છિદ્ર જોતો જોતો ફરવા લાગ્યો. એકવાર તેણે શુક્તિમતી નગરી પાસે શુક્તિમતી નદીમાં પર્વતને જોયો એટલે બ્રાહ્મણનો વેશ લઈને તે પર્વતની પાસે આવ્યો અને કહ્યું કે–"હે મહામતે! હું શાંડિલ્ય નામે તારા પિતાનો મિત્ર છું. પૂર્વે હું અને તારો પિતા ક્ષીરકદંબ બને ગૌતમ નામના બુદ્ધિમાન ઉપાધ્યાયની પાસે સાથે જ ભણ્યા હતા.

હમણા નારદે અને બીજા લોકોએ તારું અપમાન કર્યું છે તે વાર્તા સાંભળીને હું અહીં આવ્યો છું. હું મંત્રોથી વિશ્વને મોહિત કરીને તારા પક્ષની પૂર્તિ કર્યા કરીશ." આ પ્રમાણે કહી અસુરે પર્વતની સાથે દુર્ગતિમાં પાડવાને માટે ઘણા લોકોને કુધર્મ (મિથ્યાત્વ)માં મોહિત કરી દીધાં લોકોમાં સર્વ ઠેકાણે વ્યાધિ અને ભૂત વગેરેના દોષો ઉત્પન્ન કરી પર્વતના મતને નિર્દોષ ઠરાવવા માંડયો. શાંડિલ્યની આજ્ઞાથી પર્વતે રોગની શાંતિ કરવા માંડી અને લોકોને ઉપકાર કરી કરીને પોતાના મતમાં સ્થાપન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માંડયા. સગરરાજાના નગરમાં, અંતઃપુરમાં અને પરિવારમાં પણ તે અસુરે અત્યંત દારૂણ રોગો વિકુર્વ્યા. સગરરાજા પણ લોકની પ્રતીતિથી પર્વતને ભજવા લાગ્યો, એટલે તેણે શાંડિલ્યની સાથે રહીને સર્વ ઠેકાણે રોગની શાંતિ કરી.

પછી શાંડિલ્યના કહેવા પ્રમાણે પર્વતે લોકોને ઉપદેશ આપવા માંડયો કે-"સૌત્રામણિ યજ્ઞમાં વિધિવડે સુરાપાન કરવાથી દોષ લાગતો નથી માટે તેમાં સુરાપાન કરવું, ગોસવ નામના યજ્ઞમાં અગમ્યા સ્રીની સાથે ગમન કરવું, માતૃમેધ યજ્ઞમાં માતાનો વધ અને પિતૃમેધ યજ્ઞમાં પિતાનો વધ અંતર્વેદિમાં કરવો, તેથી કિંચિત્માત્ર દોષ લાગતો નથી. કાચબાના પૃષ્ઠ ઉપર અગ્નિ મૂકી 'जुह्वकाख्याय स्वाहा' એમ બોલી પ્રયત્નથી હુતદ્રવ્યવડે તેમાં હોમ કરવો. જો કાચબો ન મળે તો માથે ટાલવાળા પીળાવર્ણના, ક્રિયારહિત અને કુસ્થાનમાં અવતરેલા એવા કોઈ શુદ્ધ દ્વિજાતી( બ્રાહ્મણાદિ )ના જળવડે પવિત્ર કરેલા કુર્માકાર* મસ્તક ઉપર અગ્નિને પ્રદીપ્ત કરીને તેમાં આહુતિ નાખવી. જે થઈ ગયેલું છે અને જે થવાનું છે તે સર્વ પુરુષ ( ઈશ્વર ) જ છે. જે અમૃતના સ્વામી થયેલા છે ( મોક્ષે ગયેલા છે ) અને જે અન્નથી નિર્વાહ કરે છે તે સર્વ ઈશ્વરરૂપ જ છે. એવી રીતે સર્વ એક પુરુષ (ઇશ્વર) રૂપ જ છે. તેથી કોણ કોને મારે છે ? માટે યજ્ઞમાં ઇચ્છા પ્રમાણે પ્રાણીઓની હિંસા કરવી અને યજ્ઞમાં યજમાને માંસનું ભક્ષણ કરવું; કારણ કે તે દેવતાના ઉપદેશથી કરેલું છે અને મંત્રાદિવડે પવિત્રિત છે."

આ પ્રમાણે ઉપદેશ આપી સગરરાજાને પોતાના મતમાં ભેળવી તેણે કુરુક્ષેત્ર વિગેરેમાં ઘણા યજ્ઞો કરાવ્યા. થોડે થોડે તેનો મત પ્રસરતાં તેણે રાજસૂયાદિ+યજ્ઞો પણ કરાવ્યા અને પેલા અસુરે યજ્ઞના કરનારાઓને, યજ્ઞમાં હોમેલા પ્રાણી કે રાજા વિગેરેને વિમાન પર રહેલા બતાવ્યા તેથી વિશ્વાસ વધતાં પર્વતના મતમાં રહીને લોકો પ્રાણી-હિંસાત્મક યજ્ઞો નિઃશંકપણે કરવા લાગ્યા.

આ બધું જોઇને મેં દિવાકર નામના એક વિદ્યાધરને કહ્યું કે-'આ યજ્ઞોમાંથી બધા પશુઓને તારે હરી લેવા.' એટલે મારું વચન માનીને તે યજ્ઞમાંથી પશુઓનું હરણ કરવા લાગ્યો. તે પેલા પરમાધાર્મિક અસુરના જાણવામાં આવ્યું. જેથી તેની વિદ્યાનો ઘાત કરવાને તે મહાકાળે યજ્ઞમાં ઋષભદેવની પ્રતિમા સ્થાપિત કરવા માંડી, એટલે તે દિવાકર ખેચર વિરામ પામી ગયો. પછી હું ઉપાયક્ષીણ થવાથી શાંત થઈને બીજે સ્થળે ચાલ્યો ગયો. પછી તે અસુરે માયાથી યજ્ઞમાં સગરરાજાની ભાવના કરી, અને તત્કાળ સુલસા સહિત સગરરાજાને યજ્ઞના અગ્નિમાં હોમી દીધો. પછી તે મહાકાળ અસુર કૃતાર્થ થઇને પોતાને સ્થાને ગયો. ( ક્રમશઃ )

* કાચબાની જેવા આકારવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક કથાસંગ્રહ (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

## [ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

"અરે ધીમાન્! આ કથા આટલી અલ્પ મિતાક્ષરી છતાં પણ પ્રસંગવશાત્ ઘણા જ ફળને આપનારી છે." ગંભીરતાપૂર્વક તે બ્રાહ્મણ મહાશયે કહ્યું.

"ઓ મિત્ર! બાળકોને પણ હાસ્ય આવે એવું આ તે શું કહ્યું? ખરું જોતાં તો તેં મારું ધન ફોગટનું પડાવી લીધું. હજી પણ કથારસમાં ગોરસની માફક મારી અપૂર્વ આકાંક્ષા છે. શરૂ કરી કે તરત સંપૂર્ણ થઇ એવી કથા તે હોય વારુ?" એ પ્રમાણેની આર્ત્તિવાળા ધર્મદત્તને દ્વિજે કહ્યું: "હે મિત્ર! અલ્પ કથા છે એવું ધારીને શોક ન ન કર. અલ્પ પણ આ તને સમય આવતાં ઉભય લોકમાં હિત કરનારી થશે. હવે ફરીને જો કથારસના અધિકપણાથી તને સાંભળવાની ઇચ્છા હોય તો બીજા એક હજાર દિનાર આપ.

વરરુચિના એ પ્રમાણેનાં વચન સાંભળીને કથારસમાં લીન એવા તે સાહસિકે બીજા હજાર દિનાર આપ્યા ત્યારે બ્રાહ્મણ બોલ્યો: "स्त्रीविश्वासो न कर्तव्यो, धीमता हितमिच्छता।" "કલ્યાણને ઇચ્છનારા બુદ્ધિમાન પુરુષે સ્રીનો વિશ્વાસ ન કરવો." આ પ્રમાણેની બીજી કથા સાંભળીને તું ધીરજ ખોઈ દેતો નહિ, પણ અંતરમાં તે માટે વિચાર કર્યા કરજે. સમય આવ્યે તેનો ઉપયોગ કરજે,"

"અહો! આ વિપ્ર તો લોભના સમુદ્ર જેવો છે, કે જેણે મને કથાના મિષથી આ મુજબ દંડ્યો. ખરેખર લોભથી પરાભવ પામેલા સ્વરૂપવાન એવા પણ આ દ્વિજો મહા-સ્થાનને પામતા નથી. જેને તૃષ્ણા ઘણી તેઓની લક્ષ્મી પણ શાંત થતી નથી. પ્રાયઃ કરીને તૃષ્ણાના તાપથી આતુર એવા વિપ્રો જગતમાં મીઠું બોલનાર જ હોય છે. વળી કપાળમાં મોટું તિલક કરીને જાણે લોભની સાક્ષાત્ મૂર્તિ હોય તેવા દેખાય છે. 'ત્રણ લોકના વિષે મારા સરખો બીજો કોઈ લુબ્ધ નથી' એવું જ્ઞાપન કરવાને ત્રણ રેખા યુક્ત સૂત્રને (જનોઇને) તે હૃદય ઉપર ધારણ કરે છે તૃષ્ણારૂપી તરંગોથી ભરેલું આ બ્રાહ્મણનું શરીર હોઇ છે. એના લોભાવશે કરીને પણ એ બહાને મેં તને ધન આપ્યું તે જો પૂર્વભવનું કરજ હશે તો તેનાથી હું મુક્ત થયો." ઈત્યાદિ વિચાર કરતો તે તેની સાથે માર્ગનું ઉલ્લંઘન કરતો, જેમ વહાણ વડે સમુદ્રના પારને પામે તેમ 'શ્રીપુર' નામના નગરે આવી પહોંચ્યો. ત્યાં શહેર બહાર પોતાના માણસો દ્વારા તંબુ નખાવી ઉતારો કર્યો. પોતાના સાર્થને ત્યાં રાખી પોતે ભેટ લઈ રાજદરબારમાં જવા તૈયાર થયો. તે સમયે તેનો મિત્ર વરરૂચિ મધુર શબ્દો વડે તેને કહેવા લાગ્યો: (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માઝા મૂકેલો પાપી

જે દરેક પ્રકારનાં પાપ કરે છે. પાપ કરતાં જરાયે અચકાતો નથી. પાપ કરતાં જેને જરાયેત્રાસ લાગતો નથી. અને પાપ કરવામાં જે પાછું વાળીને જોતો નથી તે માઝા મૂંકેલો પાપી છે. આવા પાપીની સારું નરસું સમજાવવાની શક્તિ બહેર મારી ગયેલી હોય છે.

મૂર્ખ પાપી. અભિમાની પાપી. હઠીલો પાપી. કે–જ્ઞાની પાપી. તો અમૂક પ્રકારનાં જ પાપ કરે છે. પરંતુ માઝા મૂંકેલો પાપી. તો કોઇ પણ પ્રકારનાં પાપ બેધડક કરે છે. કારણ કે–તે પાપભિરૂં હોતો નથી. પાપભિરૂં બનવા માટે આત્માનાં ઐશ્વરી તત્વને સમજાવવાની જરૂર છે. અને જેઓ તે સમજતા નથી તેઓ પાપભિરૂં બની શકતા નથી. તેઓ દરેક પ્રકારનાં પાપ કરે છે. પરંતુ પોતે કરેલાં કર્મ પોતાને જ ભોગવવાં પડે છે. તેવા જ્ઞાનનાં અભાવે તેઓ પાપ કરતાં અચકાતા નથી ઘણીવાર એવું પણ બને છે. કે-આવા લોકો વ્યવહારમાં પૈસે ટકે વધુ સુખી દેખાય છે.! તેથી લોકો આશ્ચર્ય અનુભવે છે. અને બોલી ઉઠે છે. કે ધર્માંને ઘેરે ધાડ અને કસાઇને ઘેરે કુશળ.

આ શંકાનું નિરાકરણ એ છે કે તેઓ આજે જે સુખ ભોગવી રહ્યા હોય છે. તે તેઓના પૂર્વ જન્મનાં પુન્યકર્મનું ફળ છે. આજે જેઓ પાપ કર્મ કરી રહ્યા છે તેનું ફળ પાકયે તેઓને અવશ્ય ભોગવવાનું રહેશે

આજે સારા કર્મો કરવા છતાં કોઈ દુ:ખી માલુમ પડે તો સમજવું કે–આજે–આવેલું દુ:ખ, એ પૂર્વ ભવમાં પાપ કર્મનું પરિણામ છે. અને આજે જેઓ–સારા કર્મ કરી રહ્યા છે. તેનું ફળ તેઓને ફળ પાકયે અવશ્ય મળશે.

આ પાંચ પ્રકારનાં પાપીઓનું વર્ણન તમારી પાસે રજુ કરેલ છે-તમો આમાંથી મુક્ત રહેવા પ્રયત્ન અવશ્ય કરજો. એજ અમારી ભાવના—

લેખક:—
આચાર્ય શ્રીમદ્ વિજયઅશોકચંદ્રસૂરિશ્વરજી મહારાજ
( ડહેલાવાળા )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'જિન અને 'શિવની એકતા

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ

'જિન'થી સામાન્ય રીતે જૈનોના દેવાધિદેવ 'તીર્થંકર' અને શિવથી વૈદિક હિન્દુઓના ભગવાન 'મહાદેવ' સમજાય છે. આથી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આ બંનેને એકકેય ગણ્યા કે જે પ્રમાણેનો મેં આ લેખના શીર્ષકમાં કર્યો છે? આનો ઉત્તર અને એનું સમર્થન ઉપાધ્યાય મેઘવિજયકૃત અર્હદ્‌ગીતામાંથી મળી રહે છે. આ ઉપાધ્યાય કૃપાવિજયના શિષ્ય થાય છે, એમણે વ્યાકરણાદિ વિવિધ વિષયોના ગ્રંથો રચ્યા છે અધ્યાત્મ અંગે ત્રણ ગ્રંથો રચ્યા છે. એમાં એકનું નામ અર્હદ્‌ગીતા છે. એને તત્ત્વગીતા તેમજ ભગવદ્‌ગીતા પણ કહે છે. એમાં ૩૬ અધ્યાયો છે એ ગૌતમસ્વામીએ મહાવીરસ્વામીને પૂછેલા પ્રશ્નરૂપ છે. એના ઉત્તરો મહાવીરસ્વામીને આપ્યા છે, જો કે ખરી રીતે તો કર્તા પોતે જ પ્રશ્નકાર અને ઉત્તરકાર છે. અર્હદ્‌ગીતાના કર્મકાંડરૂપ ૨૭ મા અધ્યાયના નિમ્નલિખિત ૧૫ મો શ્લોક અત્ર અભિપ્રેત છે

" एव जिनः शिवो नान्यो नाम्नि तुल्येऽत्र मात्रया ।
स्थानादि योगाज्जशयोर्नवयोश्चैक्य मागवत् ॥ १५ ।

આનો અર્થ એ છે કે આ પ્રમાણે 'જિન' 'શિવ' છે એ બંને ભિન્ન નથી કેમકે માત્રા વડે બંનેના નામો સમાન છે, વળી 'જ' અને 'શ'નાં તેમજ 'ન' અને 'વય, સ્થાનાદિની એકતા છે. આ બાબત પં. રમણિકવિજયે પોતાના નિમ્નલિખિત ૧ લેખમાં નીચે મુજબ દર્શાવી છે.

" પૂ. ઉપાધ્યાય શ્રી મેઘવિજય ગુફિતા अर्हद्‌गीता "

(૧) જિનના 'જ' અને 'ઇ'ના તેમ જ શિવના 'શ' અને 'ઇ'ના પણ સ્થાનો "તાલુસ્થાન છે.

૧ આ લેખ " ન્યાય વિશારદ ન્યાયા આચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થ " ( પૃ૦ ૪૧-૪૭ ) છપાવાયો છે

(૨) જિનનો 'ન' અને શિવનો 'વ'એ બનેનું એક સરખુ દંતસ્થાન છે.

(૩) અન્ય રીતે કરીએ તો એ બંનેનું અનુનાસિકનું સ્થાન પણ સરખુ છે.

આ પ્રમાણે જિન અને શિવ ૧ અર્થદષ્ટિએ તેમજ શબ્દદષ્ટિએ સરખા છે વાસ્તે એ બેમાં કશો ભેદ નથી. અહીં જે ત્રણ બાબતો દર્શાવાઇ છે. તેમાંની ત્રીજી બાબત બીજાની બાબત 'અથવા' તરીકે અપાઇ છે. એ બાબત મને બરાબર સમજાઇ નથી. ગમે તેમ પણ આવી જાતની કલ્પના આ પૂર્વે કોઈ એ કર્યાનું જાણવામાં નથી.

૧ આ સંબંધમાં '**ભકતામરસ્તોત્ર**'નું પદ્ય વિચારવું ઘટે એમાં ઋષભદેવને બુદ્ધ, શંકર, ધાતા, અને પુરૂષોત્તમ પણ કહ્યા છે અને તેના કારણે પણ દર્શાવાયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ नमः

# ॥ કવિ ચક્રવર્તિ શ્રી જયશેખરસૂરિજી ફાગુ ॥

કર્તાઃ- અજ્ઞાત કવિ   સંપાદકઃ-મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ.

વિમલાચલસિરિમંડણું એ, સ્વામીય આદિ જિણંદો ।
તેહ પ્રણમિય ગુરુ ગાઈસ્યું, એ હિયઇ ધરી આણંદો ॥ ૧ ॥

એહ રુપ સોભાગિહિ આગલા, એ જયશેખરસૂરે, ।
નામમંત્ર ત્તિહ સમરતા, એ પાતંગ જાઇ દૂરે ॥ ૨ ॥

સારસ્વત પૂરુ હિય, એ, જીહ કરઇ કલસો લો ।
પ્રતક્ષી દેવી ભારતીએ ત્તીહ માડઇ રો લો (?) ॥ ૩ ॥

આગમ લક્ષણ છંદ, સવે જાણઈ અલંકાર ।
મૂલ ગ્રન્થિ છ છેદ ગ્રંથ, કર્મગ્રન્થ વિચાર ॥ ૪ ॥

નીદ્રઈ પઉઢિયા ઇમ ભઈ, એ પ્રભકાઈ નચિંતો ।
ઉત્તર દિસિઈ કોસિલાએ, ઈતિ કરૂ, કવિતો ॥ ૫ ॥

"ભાસ"

પ્રણુવ વીજિજમ આપઈ, એ, ભરત સંભવ તણુ મૂલો ।
તીહ પસાઈ સુહ ગુરિહિં, કવિ કીઇ અતિ મૂલો ॥ ૫ ॥

અહે સરસ કોમલ જીભડીએ, સરસઇ કીય વાસો ।
તઉ ક્ષણિ ક્ષણિ નવ નવઈ છંદ્રિ, તમ્હિ કવિત અભ્યાસો ॥ ॥

ઉપદેશચિંતામણિ કિઉંએ બારસહસ પ્રમાણ ।
છાજઇ આગમ ઉપમાએ, ઝણ હણીયા જાણ ॥ ૬ ॥

ત્રિભુવન દીપક અંતરંગ, પ્રાકૃત સંસ્કૃત ।
અઊઠસહસ પ્રમાણ રચિતઉ ધમ્મિલ ચરિત ॥

કવિજન ગયવડ ભાંજિવાએ, કેશરી જિમ સોહઈ ।
અમૃતવાણી વખાણ કરઈ ભવીયા મન મોહઇ ॥ ૭ ॥

(પ્રા)સાદ સંતમિસિઈ મનિ ભેદીવાએ પહુતઉરિતિપોતરાઉ ।
વણુરાજી વિહ સીવેએ દક્ષિણવાઈ વાઉ ॥ ૮ ॥

વિહસીય ચંપક કમલ કુંદમચકુંદ સહકારો (૨) ।
જાઈ જુહી બઉલ બઉલ, સિરિ સેવંત્રિ ઉદારો ॥



For Private And Personal Use Only

અહે ઘસમસતઉ મયણ ઉઠિઉએ કરિ કુસુમહ બાણ ।
સધર સબલ જે ત્રિહુભૂયણે તીહ ખંડીય માણ ॥ ૯ ॥

સુભટ રુપિ ત્તિણિ આદરિએ, રમણી રમઝમકંતી ।
કંઠ નવસર હાર હિયઈ ચાલઈ ચમકંતી ॥

કાને ઝલકઇં ઝાલિ, લલિ સિરિ (સુ) મકુટ શ્રૃંગાર ।
અલિકુલ કજલ વેણિદંડ ચૂડ, ભૂજિ અલંકાર ॥ ૧૦ ॥

કણય કંકણ કરિખલકતાએ, અંગુલિ રયણ મદ ।
પાએનેઉર રણઝણઈ કડિ! તલિ મેહુલ સદ્દ ॥ ૧૧ ॥

અહે વંકુડલી કિરિ ભમહડી એસીગિણિ ડાણુકાર । (!)
નયણ બાણાવલિ રૂંધતીએ સુર કિંનર સાર ॥

સીમંતઇ સીદૂર ઘણઉ, નયણી કજ્જલ રેહ ।
કામી જણ મણ મોરડાએ, ઊનઇઉં મેહ ॥ ૧૨ ॥

પહિરિંસી ફરીઉ કંચુઉએ, કસમસતી કાલી ।
ઉઢણિ નવરંગ ચૂનડીએ, રંગી નાચઈ બાલી ॥

ઈણિ વરિઇ શ્રુંગાર કરઇ ધ્રમિદેવિઇ મદ ધરતી ।
ચંચલ ચઉપદ સુર નારિંદ, તઉ મન ખોભતી ॥ ૧૩ ॥

અસિ જિમ વીડઉ કરિ ધરઇએ, સખિ મુખિ અરિહંત બોલ ।
હંસલડી જિમ ગતિ કરઇએ, મૃગ નરણી મન રોલ ॥ ૧૪ ॥

ગેલિ ગહીલિ ગોરડીએ બોલઇ મનિ હસંતિ ।
તા અગંજિત સધર વીર જાં અન્હિ નવિ ભીડન્તી ॥

તીહ વયણ નિસુણેવિ ભણઈ રત્તિ મોરા નાહ ।
એહુ સરસિં મન ખઉલિય, મયણ મઇં કરિમ અનાહ ॥ ૧૫ ॥

શીલં સનાહુ અંગિ આરૂહએ બ્રહ્માયુધ ચાલઈ ।
સંજમ મુહ વઈ ગય તુરિય, સીલંગ પાલ એ નવી ભાજઈ ॥

હાવિ ભાવિ નવિ શક્તિઇ લિજઇ ।
ધીર નમન્નઇ આણ તઝમહીયા કાંઇ ખીજઈ ॥ ૧૬ ॥

પુહવિઈ ગાજઈ એકવાર જયશેખર સૂરિ ।
બિરદાવલી જેહ બોલત્તઉએ ઓસન્નઉ સૂર સૂરિ ॥ ૧૭ ॥ (ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુરૂ પટ્ટાવલી ચૌપાઇ સંબંધી સ્પષ્ટીકરણ

લે૦ શ્રી અગર ચંદનાહટા

જૈન ધર્મ પ્રકાશ કે ગત નવમ્બર જનવરી અંક મેં પ્રો. હીરાલાલ કપાડિયા કા ખરતર ગુરૂપટ્ટાવલી સંબધી છપા હે ઉસમે. ઉન્હોંને કુછ વિચારણીય બાતેં ઉપસ્થિત કી હે ઉનકા સંશોધન સમાધાન યહાં પ્રસ્તુત કિયાજા રહા હે।

સબસે પંહેલી બાત તો યહ હે કિ ખરતર ગુરૂ પટ્ટાવલી ખરતરગચ્છ કી પીપલક· શાખાકી હે યહ બાત ઉનકે ધ્યાનમેં નહીં આઇ યહ શાખા જિનવર્ધનસૂરિસે અલગ હો ગયીથી મૂલ ભટ્ટારક શાખા મેં જિનભદ્રસૂરિજીકો સ્થાપિત કિયા ગયા હે અતઃવહ જિનભદ્રસૂરિ શાખા કહલાને લગી જિનરાજસૂરિ પ્રથમ કા સ્વર્ગવાસ સંવત ૧૪૬૧ દેલવાડામેં હુઆ ઉનકે પટ્ટ પરજિન વદ્ધંનસૂરિ સ્થાપિત હુઇ પર એક ઘટના વિરોધ કે કારણ સં. ૧૪૬૫ મેં જિન રાજસૂરિ કે પટ્ટ પર જિનભદ્રસૂરિકો સ્થાપિત કિયા ગયા અતઃ પહલે કે પટ્ઠધર જિનવર્ધનસૂરિ કી પરમ્પરા પીપલક નામકસ્થાન સે પીપલ શાખા કે રૂપમેં પ્રસિદ્ધ હુઇ ઇસે ખરતરગચ્છકી પાંચમી શાખા માના ગયા હે અતઃ પ્રો. કાપાડિયને જો ૨૪ નંલગાકે નીચે ટિપ્પણ લિખી હે વહ વાસ્તવિકતા કી અજાન-કારી કે કારણ લિખ દી હે વ.સ્તવ મેં સમ્વેગ રંગશાલા કે રચીયતા ઔર નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ કે ગુરૂભાઇ સે ખરતરગચ્છ મેં ત્રીન પટ્ટધરો કે નામ ભિન્ન હોને કે બાદ ચેથિ પટ્ટધર નામ જિનભદ્રસૂરિશન જે કી પરપરા ચાલુ હો ગઇઈસલિયે જિનસાગરસૂરિ જિનચંદ્રસૂરિ એ:ર જિનહુર્ષસૂરિ ઈન તીન કે બાદ જિનચંદ્રસૂરિકા નામ ગુર્વાવલી મેં ઠીક હી આયા હે અઅઃ કાપાડિયા જીને ૨૪ ને પટધર કા ઉપરનામ જિનસમુદ્રસૂરિ હોના ચાહિએ-। યહ લિખા હે વહ ઠીક નહીં હે।

ગુરૂ પટ્ટાવલી ચોપાઈમેં પચ્ચવી સઈ જિનસૂરિ ઇસ વાકય મેં પચ્ચીસવેં પટ્ટધર જિનચંદ્રસૂરિ બતલાયા ગયા હે કાપડિયાજીનો જો નામાવલી દી હે ઉસમેં પહેલે કે ૨૩ નામ માનલે ને સે ૨૪ વો નામ છૂટ ગયા હે યહ લિખના પડા યહાં પટ્ટાવલી ચોપાઇ કે રચીયતા કી ભી કુછ ગડબડી માલુમ દેતી હે જેસે કાપડિયાને ૨૪ વેં કા અપર નામ જિનસમુદ્રકી સંભાવના કી વહ તો ઠીક નહીં હે સંભવ હે જિન-વર્ધનસૂરિ કે બાદ જો જિનભદ્રસૂરિ પ્રસિદ્ધ હુઇ ઉસી કારણ ઉનકા નામ નહી દેતે હુએ જિનહર્ષસૂરિ કે બાદ જિનચંદ્રસૂરિ કો ગુરૂ પટ્ટાવલી કે રચીયતા રાજસુંદરને ૨૫ વોં બતલા દિયા અન્યથા ચેથિ પટ્ટધર જિનચંદ્રસૂરિ નામ દેને કે હિસાબ સે ૨૦ વેં જિન-ચંદ્રસૂરિકા નામ આતા હે વહ નિયમાનુસાર ઠીક હે। ૨૪ વાં નંબર હી જિનચદ્રસૂરિ કા પડતા હે અતઃ ન તો બીચમેં ૨૪ વાં નામ છુટતા હે ન તો જિનચંદ્રસૂરિ હોને કી સંભાવના હે। (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનોના પર્વો અને તેનો ટુંકો ઇતિહાસ

( ગયા અંકનું ચાલુ )

સિદ્ધિતપ અને વરસીતપનું ઘણું મહત્વ જૈન શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યું છે. આદીશ્વર ભગવાનના પુત્ર ભરતના પુત્ર શ્રેયાંસકુમારે આ આદિશ્વર ભગવાનને ઇક્ષુરસ શેરડીના રસનું પારણું કરાવ્યું હતું તેમ આ દિવસે શેરડીના રસથી પારણાં કરાવાય છે.

**અષાડ શુદ ૧૪** આ બીજી કે ત્રીજી ચોમાસી કહેવાય છે. ત્યાર પછી ભાજી પાલો વિ. બંધ કરવામાં આવે છે. તો દિવસે બપોરે દેવ વંદન કરવામાં આવે છે અને સાંજે ચોમાસી પ્રતિક્રમણ કરવામાં આવે છે અષાડ સુદ ૧૫ ના રોજ નંદીશ્વર દ્વીપની પૂજા ભણાવવામાં આવે છે અને રથયાત્રા કાઢવામાં આવે છે સુરતમાં નંદીશ્વર દ્વીપની રચના જોવા જેવી છે અને હસ્તકલા વિ નો એક આબેહુબ નમુનો છે.

**શ્રાવણ સુદ ૫** એ દિવસે ખાસ કરીને જૈન ભાઇઓ નેમનાથ રાજુલના શ્લોકો સ્તવનો સઝઝાઇઓ વિ. પ્રતિક્રમણોમાં બોલે છે.

**શ્રાવણ વદ ૧૨** થી ભાદરવા સુદ ૪ સુધી પર્યુષણ પર્વ ઠેર ઠેર ઉજવાય છે. એ સંબધી વિસ્તારપૂર્વક હકીકત મેં મારા જુદા લેખમાં લખી છે તેમજ દીપચંદ જીવણ- લાલ શાહે પણ જુદો લેખ જૈનધર્મ પ્રકાશનમાં લખ્યો છે. જૈનોના મોટા પર્વ તરીકે એ આઠ દિવસોને માનવામાં આવ્યાછે. સાંવત્સરીક પ્રતિક્રમણમાં દરેક નાના-મોટા એકમેકને ખમાવે છે અને મિચ્છામિ દુક્કડંમ વિ. બોલે છે અને તે અંગેની કુમકુમ પત્રિકાઓ અરસ પરસ લખવાનો રીવાજ છે.

**આસો સુદ ૭ થી ૧૫** આયંબીલની ઓળીનું પર્વ મનાય છે. જૈનપર્વ આસો સુદ ૧ થી ૯, ૧૦ સુધીનું નવ રાત્રિના તહેવારો ઉજવે છે. અને અબામાતાના દર્શને જાય છે. દશેરાને દિવસે અંબાજી માતાની રથ યાત્રા પણ કાઢે છે.

**આસો** આસો મહિનામાં જૈનોના તેમજ જૈનેતરોના ઘણા તહેવારો જોવામાં આવે છે. જૈનો ખાસ કરીને આસો વદ અમાવાસ્યાને મોટા પર્વ તરીકે માને છે. એ દિવસે મહાવીસ્વામીનું નિર્વાણ થયુ આજે મોક્ષે ગયા અને ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું તેથી જૈનો એને તરીકે ઉજવે છે. એ સંબધી કેટલીક હકીકત ઉપર પહેલા નંબરના પર્વમાં આપી છે. જૈનેતરો એને વર્ષના છેલ્લા દિવસ તરીકે ઉજવે છે એ અરસામાં દીવાળી કલ્પ વિ. વાંચવાની પ્રથા છે. એમાં પાંચમા તથા છઠ્ઠા આ (હા) આવા ભાવોનું વર્ણન કરવામાં આવ્યું છે, ભસ્મગ્રહની વાત પણ આવે છે. મહાવીરસ્વામીનું નિર્વાણ અને ગૌતમસ્વામીના વિષય પરિણામ તરીકે તેને કેવળજ્ઞાન ઉપજયા વિગેરેની હકીકતો આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇંટ અને ઇમારત

લેખક : અમરચંદ માવજી શાહ

જીવન અને મરણની વચ્ચેનો કાળ જીવો કાંઈને કાંઇ પ્રવૃત્તિથી પૂર્ણ કરે છે. કોઈ યશનામ કર્મવાળા જીવ મહાન પ્રજાહિતના પ્રેરણાત્મક કાર્યો કરીને ધર્મના મહાન આદર્શો ચીરંજીવી કરીને કોઇ મહાર્થ્યથોનુ સર્જન કરીને કોઇ મહાન ઇમારતો બંધાવીને જીવનને ઉજ્જવળ બનાવી જાય છે. અને વિજયપતાકા ફરકાવી જાય છે.

આવીજ એક ઇંટ ઇમારતની કહાની તાલધ્વજતીર્થની છે. તાલધ્વજતીર્થનો ઉદ્ધાર ને સર્વાંગી વિકાસ "ઇંટિયજ્ઞ"નાં યોજનાથી ઘણી સરળતાથી અને ટુંકસમયમાં થઇ ગયો

વ્યક્તિગત એક એકનું સમુદાય બળ થાય,
મુશ્કેલ કામો સ્હેલાયથી પાર ઉતરતા જાય.

શ્રી તાલધ્વજ તીર્થનો ઉદ્ધાર થવાનું નિમિત્ત સંવત ૧૯૯૮ માં શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવાનશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણાનું આ તીર્થમાં પધારવાનું થયું. તીર્થના વહીવટમાં આવેલી શિથીલતાએ પૂ. શાસનસમ્રાટના દીલમાં મહા મંથન જગાવ્યું સિદ્ધગીરીની અષ્ટમી ટુંક કંદમગિરીતીર્થની નજીકનું આ ભવ્ય સાચાદેવનું પ્રાચીન તીર્થ તેના ઉદ્ધાર માટે દીર્ઘદષ્ટિવંત શાસનસમ્રાટે આ વહિવટ એવા સબળ હસ્તમાં સુપ્રત કરવાની ભાવના પ્રગટાવી કે જે દ્વારા એ સૂરિશ્વરનું સ્વપ્ન વર્તમાનમાં સિદ્ધ થયેલું પ્રત્યક્ષ નીરખી શકાય છે.

ભાવનગરમાં તેજ સમયમાં ગુજરાતમાંથી આવી ભાવનગરમાં મહાલક્ષ્મી મીલની સ્થાપના કરીને પ્રકાસીત થયેલા પુન્યવંતને પુરુષાર્થી સરળને સેવા ભાવી આત્મા શ્રાદ્ધવર્ય શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહ તથા શ્રી ખાંતીલાલ અમરચંદ વોરા પૂજ્ય ગુરૂદેવને વંદન કરવા તળાજા પધાર્યા, પૂ ગુરુદેવે આજ્ઞા ફરમાવી અને તેમની સાથે શેઠ પુરૂષોતમદાસ માવજીભાઈ સાંગાણાવાળા શેઠ વીરચંદભાઈ કરશનદાસ કામરોળવાળા શેઠ વલ્લભદાસ ગુલાબચંદ તળાજાવાળા એમ પાંચ ગૃહસ્થોની સમિતીને શ્રી તળાજા સંઘે વહીવટ સુપ્રત કર્યો.

પૂજ્ય ગુરૂદેવના આશિર્વાદ અને કમિટીનો તેમાં ઉત્સાહ ભળ્યો અને તીર્થઉદ્ધારની ઇંટો જથ્થાબંધ શરૂ થઇ ગઇ સંવત ૧૯૯૮ના શ્રાવણ શુદી ૧ ના વહીવટ સંભાળ્યો. સંવત ૧૯૯૯ના માગશર શુદી ૧૦ ના જૈન ભોજનશાળાની સ્થાપના સં. ૨૦૦૦ ના વૈશાખ શુદી ૧૦ ના શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના ગિરીરાજ ઉપર ચોમુખજીની ટુંકનો જીર્ણોદ્ધાર મુળનાયક સાચાદેવની ટુંકમાં બાવનજીનાલય બાંધવાની યોજના. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગયા અંકથી ચાલુ ) **વિશ્વમાન્ય ધર્મ** ( દોહરા )

અહિંસા એ ઉપકાર સત્ય
હિંસા છે અપકાર
અર્પે બદલો ભવાંતરે
મોક્ષ સંસાર અપાર ૧૬૭

હલાલ હરામ હિંસા રહે
સ્વ પર જુદી જાણુ
જાણે નિભાવે કોઈ જન
અનુભવની હોય ખાણ ૧૬૮

નિર્ભયતા નાં ભેદ બે
સ્વતંત્ર ને સ્વછંદ
સ્વ પર રક્ષે તંત્રતા
સ્વ પર ભક્ષે સ્વ છંદ ૧૬૯

અહિંસા સાચુ પુન્ય છે.
હીંસા સાચુ પાપ
ભવો ભવ સાથે રહે
નહિ કોઈ થાય ઉથાય ૧૭૦

દયા ધર્મનું મુળ પણ
દયા છે મન વચ કાય
જીવોત્પતિ જાણે નહિં
દયા શી રીતે થાય ૧૭૧

જ્ઞાની દયાનિ માની કરે
જગમા બહુ ઉપકાર
ગુલામ ગુલામિ ગુમાનિતા
જગમા કરે ઉપકાર ૧૭૨

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ ( ક્રમશઃ )

# —: જૈન બનો :—

"ફરી ફરી આવું મનુષ્યજીવન નહિ મળે; કદાચ મનુષ્યજીવન હાથે ચડી જશે; પરન્તુ રાગાદિને જ શત્રુ સમજાવતો જૈનધર્મ તો જલદી નહિ જ મળે. ભાગ્યવાનો ! તમારા પુણ્યોદયે તમે જૈનકુળમાં જન્મ્યા છો. હવે અર્થ કામના રાગભાવોમાં લપેટાશો મા ! એના ઝાકઝમાળ ભારે લોભામણા છે, પણ તમે તેમાં અંજાઇ જાશો નહિ. તીર્થંકર ભગવંતોએ તમને જૈન તરીકેનો જે આચારમાર્ગ ફરમાવ્યો છે એ તમારે પાળવો જ જોઇએ. જો જીવનમાં કશું ય પાળશો નહિ તો જૈનકુળમાં જન્મ્યાથી શો લાભ? તમારામાં જૈનત્વની ખુમારી શું? સુખને જ ભયાનક સમજવાની ભૂમિકા તૈયાર કરવા માટે તમારા કુલાચારોને જીવનમાં ઓતપ્રોત કરી દેવા જ રહ્યા"

પૂજ્યપાદ ગુરૂદેવશ્રીની આ હૃદયવેધી વાણી સાંભળીને હું બે વર્ષ માટે કાર્ડ નં. ૩ માં લખેલી પ્રતિજ્ઞાઓ કરૂં છું.

**પ્રયોજક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મા-બાપને ભૂલશો નહિ

ભુલો બીજું બધુ, મા-બાપને ભુલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.

પત્થર પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ સુખડું,
એ પુનિત જનનાં કાળજાં, પત્થર બની છુંદશો નહિ.

કાઢી મુખેથી કોળીયા, મ્હોમાં દઈ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉગળશો નહિ.

લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પુરા કર્યા,
એ કોડના પુરનારના, કોડને ભુલશો નહિ.

લાખો કમાતા હો ભલે, મા-બાપ જેથી ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભુલશો નહિં.

સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.

ભીને સુઈ પોતે અને, સુકે સુવડાવ્યા આપને,
એ અમિમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.

પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.

ધન ખરચતા મળશે બધું, માતા-પિતા મળશે નહિ,
પળ પળ પુનીત એ ચરણની ચાહના ભુલશો નહિ.

---

વાંચો, વંચાવો, અને શક્ય હોય તો તમો
વધુમાં વધુ ફેલાવો કરવા/કરાવવા વિનંતિ છે.

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ઓઘડદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only